For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## સુરત જિલ્લાના અનેક તાલુકાઓમાં ધોધમાર વરસાદ, શહેરમાં માંડ એક ઇંચ વરસ્યો

# પલસાણા-મહુવામાં 8 ઈંચ વરસાદ ઝીંકાયો

**તાપમાનમાં** 3.5 ડિગ્રીનો ઘટાડો થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી

**રેડ** એલર્ટ વચ્ચે રાત્રે મેઘરાજાની ધમાકેદાર બેટિંગ

સુરતઃ હવામાન વિભાગ દ્વારા સુરત શહેર અને જિલ્લામાં બે દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યા બાદ ગઈકાલે રાત્રે જિલ્લામાં અનેક તાલુકાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી, જ્યારે ખેડૂતો માટે આ વરસાદ રાહતરૂપ સાબિત થયો છે.

હવામાન વિભાગે આગામી ચાર

...અનુસંધાન પાના 5 પર

### શહેર અને જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકનો વરસાદ

| તાલુકા | વરસાદ |
|---|---|
| પલસાણા | 8 ઈંચ |
| બારડોલી | 8 ઈંચ |
| મહુવા | 8 ઈંચ |
| ઉમરપાડા | 6 ઈંચ |
| અંબિકા | 5.5 ઈંચ |
| માંગરોલ | 2 ઈંચ |
| માંડવી | 1 ઈંચ |
| કામરેજ | 1 ઈંચ |
| સુરત | 1 ઈંચ |
| અરેઠ | 1 ઈંચ |
| ઓલપાડ | પોણો ઈંચ |
| ચોર્યાસી | અડધો ઈંચ |



### ઓલપાડમાં આ સ્થળોએ પાણી ભરાયાં

- સેવા સદનના ગેટ પાસે
- પોસ્ટ ઓફિસ કેમ્પસ
- ST ડેપોના પ્રવેશ દ્વાર
- તાલુકા પંચાયત કેમ્પસ
- ઓલપાડ બજાર
- ઓલપાડ શાકભાજી માર્કેટ

### પાણીના નિકાલ માટે વેલાછાની શાળાની દીવાલ તોડવી પડી

હથોડા : વેલાછા ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળાના કમ્પાંઉન્ડમાં વરસાદને પગલે અને પાણીના નિકાલના અભાવે ઘૂંટણસમા પાણી ભરાતા ચાલુ શિક્ષણ અટકાવી વિદ્યાર્થીઓને રજા

...અનુસંધાન પાના 5 પર

### બારડોલીના તરભોણ પાટિયા પાસે હાઈવે ડૂબ્યો

રાત્રિ દરમિયાન જ ૭ ઈંચ વરસાદ ખાબકતાં નીચાણવાળા વિસ્તારો જળબંબોળ થઇ ચૂક્યું છે ત્યારે ભુવાસણ પંચાયતની મંજૂરી વિના ખડકાયેલા ગેરકાયદે બાંધકામે કુદરતી વહેણ રોકતાં હજારો

...અનુસંધાન પાના 5 પર

### દક્ષિણ ગુજરાતનો વરસાદ

| | |
|---|---|
| ઉમરગામ | 5.4 ઈંચ |
| વ્યારા | 4 ઈંચ |
| વાલોડ | 4 ઈંચ |
| ગણદેવી | 3.3 ઈંચ |
| નવસારી | 2.5 ઈંચ |
| ખેરગામ | 2.5 ઈંચ |

### કુડસદ GIDCમાં પાણી ભરાતા ત્રણ દિવસથી ઉત્પાદન ઠપ

કીમ: ઓલપાડ તાલુકાના કુડસદ GIDC વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી પાણીનો ભરાવો રહેતા ઉદ્યોગકારોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સતત પાણી ભરાયેલા રહેવાના કારણે અનેક ઔદ્યોગિક

...અનુસંધાન પાના 5 પર

### ગુરુવારે સવારે 6:00 થી રાત્રે 8:00 કલાક દરમિયાનનો વરસાદ

| ઝોન | વરસાદ (મીમીમા) | ઝોન | વરસાદ (મીમીમા) |
|---|---|---|---|
| સેન્ટ્રલ | 10 | વરાછા બી | 19 |
| રાંદેર | 12 | લિંબાયત | 11 |
| કતારગામ | 19 | અઠવા | 06 |
| વરાછા એ | 17 | ઉધના | 03 |

## સુરતમાં ધીમી ધારે વરસી રહ્યો છે વરસાદ

સુરત : શહેરમાં છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલી મેઘરાજાની સવારી આજે પણ ધીમી ધારે ચાલુ રહી હતી જો કે બુધવારની રાત્રે થોડી વાર ધોધમાર વરસાદ બાદ ગરૂવારે સવારે ધીમીધારે વરસાદ ચાલુ રહયો હતો જયારે બપોર બાદ વિરામ લીધો હતો. દરમિયાન ઉપરવાસમાં વરસાદના પગલે શહેરમાંથી પસાર થતી ખાડીઓમાં જલસ્તરમાં સામાન્ય વધારો નોંધાતા તંત્ર એલર્ટ થઇ ગયું હતું.

બુધવારે રાત્રે મેઘરાજાએ લિંબાયત અને ઉધનામાં બે-બે ઇંચ વરસ્યો હતો, જયારે અન્ય વિસ્તારોમાં અડધા ઇંચ જેટલુ પાણી વરસ્યું હતું. દરમિયાન ગૂરવારે સવારથી ધીમીધારે મેઘસવારી ચાલુ રહી હતી. જેમાં અઠવા અને ઉધના ઝોનમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. જયારે અન્ય ઝોનમાં અડધાથી પોણો ઇંચ જેટલુ પાણી વરસ્યું હતું. દરમિયાન ઉપરવાસમાં વરસાદના પગલે શહેરમાંથી પસાર થતી ખાડીઓનુ જલસ્તર આ સીઝનમાં પહેલી વખત વધ્યુ હતુ જો કે વધારો સામાન્ય છે પરંતુ તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે.

### ખાડીના લેવલ (મીટરમાં) (રાત્રિ 8 વાગ્યે)

| ખાડી | હાલ લેવલ | ભયજનક સપાટી |
|---|---|---|
| કાંકરા | 5 | 8.48 |
| ભેદવાડ | 5.50 | 7.20 |
| મીઠી | 6.50 | 9.35 |
| ભાઠેના | 5.50 | 8.25 |
| સીમાડા | 2.40 | 4.50 |

## સુરતના નાસીરનગર ડિમોલિશનમાં હાઇકોર્ટની કડક ટીકા

# શું લોકોનાં ઘર તોડી પાડવા એ ફોજદારી ગુનો નથી? : હાઇકોર્ટ

**હાઇકોર્ટે** યુટ્યુબ લાઇવ સ્ટ્રીમિંગનું માઇક બંધ કરાવીને વકીલોને ગંભીરતા સમજાવી

**ઘટનાના** એક મહિના પછી પણ પોલીસ ફરિયાદ કેમ નહીં ? રાજ્ય સરકાર કેમ એક્ટિવ નથી?

અમદાવાદ : સુરતના નાસીરનગર વિસ્તારમાં ૧૫૦થી વધુ મકાનો તોડી પાડવાના ગેરકાયદે ડિમોલિશન મામલે આજે ગુજરાત હાઇકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન કોર્ટે રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા (SMC) અને પોલીસ તંત્રની ઝાટકણી કાઢી હતી. જસ્ટીસ નિખિલ કરિયેલે અત્યંત આકરા મૂડમાં પૂછ્યું હતું કે, 'ઘટનાને એક મહિનો વીતી ગયો હોવા છતાં હજુ સુધી FIR કેમ નોંધાઈ નથી? આટલી

...અનુસંધાન પાના 5 પર

### ડિમાર્કેશન માટે ગયા તો સાથે જેસીબી કેમ હતું?

હાઇકોર્ટે મનપાના વલણ સામે સવાલ ઉઠાવતા કહ્યું કે, જો સુરત મનપા તંત્ર માત્ર જમીન માપણી (ડિમાર્કેશન) માટે ગયું હતું, તો સાથે જેસીબી જેવી હેવી મશીનરી કેમ રાખવામાં આવી હતી? આ સ્પષ્ટ કરે છે કે આખું ડિમોલિશન પૂર્વઆયોજિત હતું. આટલી મોટી ઘટના કોઈ સ્થાનિક અધિકારી એકલા હાથે ન કરી શકે, આમાં ચોક્કસ કોઇક મોટો ટેકો હોવો જોઈએ. કમિશનર કક્ષાથી

...અનુસંધાન પાના 5 પર

### પોલીસ અંધ કે મૂક બધિર નથી, પ્રોએક્ટિવ કેમ ન થઈ?

સરકારી વકીલે જ્યારે બચાવ કર્યો કે પોલીસનું કામ ત્યાં માત્ર કાયદો-વ્યવસ્થા જાળવવાનું હતું અને મુખ્ય કામ SMCનું હતું, ત્યારે કોર્ટે રોષે ભરાઈને કહ્યું કે, "પોલીસ કઈ અંધ કે મૂક-બધિર નથી. ડિમોલિશન સ્થળે DCP જેવા સિનિયર અધિકારી હાજર હતા, તો શું તેમને ડિમાર્કેશન અને ડિમોલિશન વચ્ચેનો ભેદ ખબર ન પડી? પોલીસના સહકાર

...અનુસંધાન પાના 5 પર

### સ્થાનિક તપાસ સમિતિએ પણ 'ભીનું સંકેલવાનો પ્રયાસ' કર્યો હોવાનું પ્રથમ દૃષ્ટિએ જણાય છે

સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા વિવાદિત ડિમોલિશન કેસની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ નિખલ કરિયેલે રાજ્ય સરકાર અને પોલીસ તંત્રના વલણ સામે કડક અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોર્ટે સવાલ કર્યો કે, એક મહિના કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી પોલીસ ફરિયાદ કેમ નોંધાઈ નથી? લોકોના મકાનો

...અનુસંધાન પાના 5 પર

### સરકારી વકીલે દલીલમાં રાષ્ટ્રીય સુરક્ષા અને બાંગ્લાદેશીઓનો ઉલ્લેખ કર્યો

સરકારી વકીલે પોલીસ બંદોબસ્તના બચાવમાં તર્ક આપ્યો હતો કે નાસીરનગરમાં અસામાજિક તત્વોનો અહેવાલ હતો. આ વિસ્તારમાં ૨૬ ગંભીર ગુનેગારો રહે છે અને અગાઉ અહીંથી ગેરકાયદેસર રહેતા ૪૪ બાંગ્લાદેશીઓ ઝડપાયા હોવાથી સુરક્ષાના ભાગરૂપે ચુસ્ત બંદોબસ્ત રખાયો હતો. જોકે, વકીલે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ ડિમોલિશનની કાર્યવાહીને જસ્ટિફાય (યોગ્ય) ઠેરવતા નથી.

### સસ્પેન્શન કોઈ કડક કાર્યવાહી કહી શકાય નહીં, નાગરિકો પ્રત્યે રાજ્યની જવાબદારી ક્યાં ગઈ?

રાજ્ય સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે પોલીસની ભૂમિકા માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાની હતી અને મુખ્ય કાર્યવાહી SMCની હતી. જોકે કોર્ટે આ દલીલથી અસહમતિ વ્યક્ત કરતાં પૂછ્યું કે, જો ગેરકાયદેસર ડિમોલિશન પોલીસની હાજરીમાં થયું હોય તો પોલીસ કમિશનરે જાતે ફરિયાદ કેમ નોંધાવી નહીં? એક મહિના સુધી માત્ર તપાસ જ ચાલે છે, પરંતુ કોઈ

...અનુસંધાન પાના 5 પર

### આગામી તા.૭મી જુલાઈએ પુનઃવસનનો પ્લાન રજૂ કરવા મનપાને આદેશ

સુરતઃ નાસીરનગર ડિમોલિશન પ્રકરણમાં ગુરુવારે ગુજરાત હાઇકોર્ટે સુરત મહાનગરપાલિકાને કડક શબ્દોમાં ફટકાર લગાવતા સ્પષ્ટ નોંધ્યું કે, મનપા કમિશનરની એફિડેવિટના આધારે કોઈપણ શંકા વિના ડિમોલિશનની સમગ્ર કાર્યવાહી ગેરકાયદે હતી. હાઇકોર્ટે ગેરકાયદે ડિમોલિશનથી ઘરવિહોણા બનેલા પરિવારોના પુનર્વસન મુદ્દે પણ મનપાને મહત્ત્વપૂર્ણ નિર્દેશ આપ્યો છે. હાલ

...અનુસંધાન પાના 5 પર

## સુરત મનપામાં ચાલતા ભ્રષ્ટાચારનો વરવો પુરાવો, દરેક ઝોનમાં એક-એક લાંબો રસ્તો બેસી ગયો છે




(તસવીર : હેમંત ડેરે)

# 7 જ દિવસમાં 25 રસ્તા તૂટી ગયા

**સમ ખાવા પૂરતો એકપણ ઝોન નથી જ્યાંના રસ્તા સલામત હોય**

સુરતઃ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં અલગ-અલગ ઝોનમાં ટ્રેન્ચ અને રસ્તાઓ તૂટી જવાની ઘટનાઓ બની છે. ગત તા. 25/06/2026 થી 01/07/2026 દરમિયાન શહેરના તમામ ઝોનમાંથી રસ્તાઓ ધસી પડવાની ફરિયાદો ઉઠી હતી. જેમાં સૌથી વધુ ખરાબ હાલત સરથાણા ઝોનની હતી. જ્યાં ફ્લડ ગેટથી ગોપીન વિલા રોડ પર 260.00 મીટર લાંબો રસ્તો તૂટી ગયો હતો. આ ઉપરાંત, આ જ ઝોનમાં કૃષ્ણા એવન્યુથી યમુના ચોક વચ્ચે 5.00 મીટર, રામ વાડી પાસે કઠોદરા રોડ પર 5.00 મીટર, બજરંગ નગર રો હાઉસ પાસે 4.00 મીટર, દયાની બંગલો પાસે વાલક રોડ પર 8.00 મીટર અને અમર લક્ષુરીયાથી જે. એકરેલ્લા સર્કલ સુધી 3.00 મીટર લંબાઈમાં ટ્રેન્ચ બેસી ગઈ હતી. વરાછા ઝોન-એ માં પણ જીવન જ્યોત

...અનુસંધાન પાના 5 પર

### કયા ઝોનમાં કયા કોન્ટ્રાક્ટર પાસે રિપેરિંગ કરાવવાની કામગીરી કરવી પડી?

| ઝોન | રિપેરિંગ કરનાર એજન્સીનું નામ |
|---|---|
| ઉધના ઝોન-એ | શ્રીજી કન્સ્ટ્રક્શન કો. |
| વરાછા -બી | એમ/એસ. આર. એન. ડોબરિયા |
| રાંદેર | સુનિલ એ. ડોમાડીયા, કેકેબી પ્રોજેક્ટ્સ પ્રા. લિ. |
| કતારગામ | યુનિક કન્સ્ટ્રક્શન |
| અઠવા | વિમલ ઇન્ફ્રાકોન એલએલપી |
| લિંબાયત | એસ. ઝેડ. પટેલ એન્ડ સન્સ |
| વરાછા-એ | વિમલ ઇન્ફ્રાકોન એલએલપી |
| ઉધના-બી | કે.કે.બી. પ્રોજેક્ટ્સ પ્રા. લિ., મારુતિનંદન કન્સ્ટ્રક્શન |

### જે એજન્સી રસ્તો ખોદે તેને જ રિપેર કરવાની જવાબદારી ટેન્ડરમાં ઉમેરાશે

**રસ્તાઓ તૂટવા મુદ્દે વિભાગો અને ઝોનના ચલક-ચલાણામાંથી મુક્તિ મળશે**

સુરતઃ શહેરમાં હાલ ચોમાસાની શરૂઆતમાં જ ઠેર-ઠેર રસ્તાઓ તૂટી જવાની, ભુવા પડવાની અને પાણી-ડ્રેનેજની લાઈનોના કામો જ્યાં થયા હોય ત્યાં ટ્રેન્ચ બેસી જવાની ઘટનાઓ સામે આવી રહી છે. જનતાને પડતી ભારે હાલાકી અને મનપાની ખરડાતી શાખને ધ્યાને લઈને મનપા કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલા તાકીદના પરિપત્ર મુજબ, હવેથી મહાનગરપાલિકાના રોડ-રસ્તા, પાણીની લાઈન કે સ્ટોર્મ ડ્રેનેજના જે પણ નવા ટેન્ડરો બહાર પાડવામાં આવશે,

...અનુસંધાન પાના 5 પર

### અગાઉ સ્થાયી સમિતિ ચેરમેને મ્યુનિ.કમિ.ને નોંધ મોકલીને ટેન્ડરમાં સુધારા કરવા કહ્યું હતું

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સમસ્યા અંગે સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે ફેબ્રુઆરી માસમાં મ્યુનિ.કમિ.ને મોકલેલી નોંધમાં જણાવ્યું હતું કે, વારંવાર રસ્તાઓ બેસી જવાની ઘટનાઓથી મનપાની બદનામી થાય છે, જેથી ટેન્ડરની શરતોમાં જ સુધારો

...અનુસંધાન પાના 5 પર

# રસ્તા તૂટી ગયા તે એજન્સી બીજે પણ કામ કરી રહી છે

સુરત : પહેલા વરસાદમાં જ શહેરમાં અનેક રસ્તાઓ તુટવાની ઘટનાથી મનપાનું તંત્ર દોડતુ થઇ ગયું છે. જે રસ્તાઓ તુટયા છે તે મોટા ભાગે પાણી અને ગટરની લાઇનોનું કામ કરતી એજન્સીઓ દ્વારા કામ પુરૂ થયા બાદ ટ્રેન્ચ પુરાણમાં રાખેલી બેદરકારી હોવાનુ બહાર આવ્યું છે. જવાબદાર એજન્સીઓને આ મામલો નોટીસ ફટકારી નુકશાન વસુલવા પણ તજવીજ હાથ ધરાઇ છે. ત્યારે જુદા જુદા ઝોનમાં આ જ એજન્સીએ કરેલા કામો બાદ રસ્તા રીપેર થયા તે રસ્તાઓની હાલત પણ ખરાબ થવાની આંશકાથી આ એજન્સીઓ દ્વારા જે રસ્તાઓ પર કામ કરાયુ તેના પર વોચ રાખવામાં આવી રહી છે.

### કઇ એજન્સીએ કયા ઝોનમાં કયા રસ્તા પર કામ કર્યુ

- **સાઉથ ઝોન-A :** ઉધના ઝોન ઓફીસ થી મીરા ચોક રોડ,ઉધના નવસારી મેઈન રોડ (ઉધનાગામ પાસે), અને ઉધના ઝોન ઓફિસ પાસે
- **ઇજારદારનું નામ:** શ્રી હિન્દુસ્તાન ફેબ્રિકેટર્સ.
- **સાઉથ ઝોન-બી :** ભેસ્તાન-ભાણોદરા રોડ, ડિંડોલી પાણીની ટાંકીથી ખાડી સુધી, અને ડિંડોલી ખાડી થી મેઈન રોડ.
- **ઇજારદારનું નામ:** ક્લાસિક નેટવર્ક પ્રા.લિ..
- **સાઉથ ઇસ્ટ ઝોન:** રસ્તોઃ ગોડાદરા વોર્ડ ઓફીસથી શનિ મંદિર તરફનો રસ્તો અને ગોડાદરા ડી-માર્ટ રોડ.
- **ઇજારદારનું નામ:** સ્કાયવે ઈન્ફ્રા. પ્રોજેક્ટ પ્રા.લિ..
- **ઇસ્ટ ઝોન-B :**મોટા વરાછા ગજેરા જંક્શનથી ટી જંક્શન.
- **ઇજારદારનું નામ:** ક્લાસિક નેટવર્ક પ્રા.લિ..
- **નોર્થ ઝોન :** ટી.પી.સ્કીમ નં.૫૮ (વાલક), 18.00 મી. પહોળાઈનો ટી.પી. રોડ, ફા.પ્લોટ નં. ૯ થી ૧૦, અને મોજેઃ લસકાણા, સ્વામીનારાયણ મિશન રોડ.
- **ઇજારદારનું નામ:** પી.દાસ ઈન્ફ્રા. પ્રા.લિ..
- **નોર્થ ઝોન :** કોસાડ BRTS રોડ.
- **ઇજારદારનું નામ:** સ્કાયવે ઈન્ફ્રા. પ્રોજેક્ટ પ્રા.લિ..
- **વેસ્ટ ઝોન :** શાંતિનગર સોસાયટી અડાજણ અને ગણેશ કૃપા સોસાયટી.
- **ઇજારદારનું નામ:** શ્રી હિન્દુસ્તાન ફેબ્રિકેટર્સ.
- **વેસ્ટ ઝોન :** પાલ RTO રોડ.
- **ઇજારદારનું નામ:** એસ.વી.આર. કન્સ્ટ્રક્શન.

### માત્ર ઇજારદારો જ નહીં થર્ડ પાર્ટી એજન્સી પર પણ તવાઇ

સુરતઃ શહેરમાં વિવિધ વિસ્તારોમાં લાઈનો નાંખ્યા બાદ બેસી ગયેલા રસ્તાઓ અને કામગીરીમાં દેખરેખના અભાવને પગલે સુરત મહાનગરપાલિકા દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. મનપાના હાઈડ્રોલિક વિભાગે રોડ ટ્રેન્ચોની કામગીરીમાં ગુણવત્તા જાળવવામાં નિષ્ફળ રહેલી થર્ડ પાર્ટી ઇન્સપેક્શન એજન્સીઓને કડક નોટીસો ફટકારી ખુલાસો માંગ્યો છે. મનપાના સત્તાવાર અહેવાલ મુજબ, સાઉથ ઝોન તેમજ વેસ્ટ ઝોન બંને વિસ્તારોમાં ક્ષતિઓ સામે આવતા 'સી.ઈ.આઈ.એલ. મુંબઈ' એજન્સીને ખુલાસો પૂછતી નોટીસ અપાઈ છે. આ ઉપરાંત, સાઉથ ઇસ્ટ ઝોનમાં દેખરેખ રાખતી

...અનુસંધાન પાના 5 પર

# ચોમાસાની હજી શરૂઆત જ થઈ ને સુરતમાં 300થી વધુ ખાડા પડી ગયા

**આ** ખાડા ભેગા કરીએ તો એક કિલોમીટર જેટલો રસ્તો બેસી ગયાનુ તારણ

સુરતઃ શહેરમાં ચોમાસુ જામતાંની સાથે જ રસ્તા પર ખાડા અને મોટા ભુવા પડવાની ઘટનાઓ દરરોજ પ્રકાશમાં આવી રહી છે. હાઈડ્રોલિક વિભાગ દ્વારા કરોડોના ખર્ચે શહેરમાં પાણીની પાઈપલાઈનો તો નાંખી દેવાઈ, પરંતુ કામગીરી બાદ ઈજારદારો દ્વારા રસ્તાનું પ્રોપર પુરાણ ન કરાતા હાલ ચોમાસાની શરૂઆતમાં જ ઠેર-ઠેર ટ્રેન્ચ (રસ્તા) બેસી જવાની અને ખાડા પડવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે, જેના કારણે શહેરીજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. મનપાના હાઈડ્રોલિક વિભાગે ઓક્ટોબર-2025 થી મે-2026 સુધીમાં કાચા અને પાકા રસ્તાઓ મળીને કુલ 203.22 કિ.મી. લાંબી લાઈનો નાંખી હતી. પરંતુ ઈજારદારોની નબળી કામગીરીના કારણે આશરે 0.29 કિ.મી. જેટલા અંતરમાં રસ્તાઓ ધસી પડ્યા છે. આ ગંભીર બેદરકારી સામે આવતા આખરે કુંભકર્ણ નિદ્રામાંથી જાગેલા તંત્રએ તા. 1 જુલાઈએ સંબંધિત

...અનુસંધાન પાના 5 પર

## આરોપી સામે હત્યા સહિતના 30થી વધુ ગુના

# IPS શરદ સિંઘલ પર હિસ્ટ્રીશિટરનો ચાકુથી હુમલો

**અમદાવાદ** ક્રાઈમ બ્રાન્ચના JCPએ સ્વબચાવમાં કરેલા ફાયરિંગથી આરોપી ઘાયલ

અમદાવાદ : અમદાવાદ શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં ગુરુવારે ક્રાઈમ બ્રાન્ચની કાર્યવાહી દરમિયાન હિસ્ટ્રીશીટર આરોપીએ સંયુક્ત પોલીસ કમિશનર (ક્રાઈમ) શરદ સિંઘલ પર છરી વડે જીવલેણ હુમલો કરતાં તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. પરિસ્થિતિ કાબૂ બહાર જતાં જેસીપી શરદ સિંઘલે સ્વબચાવમાં સર્વિસ રિવોલ્વરમાંથી ફાયરિંગ કર્યું હતું, જેમાં આરોપીના પગમાં ગોળી વાગી હતી.

આ અંગે પોલીસના જણાવ્યા પ્રમાણે અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર હથિયારો રાખવાની બાતમીના આધારે ઈસાનપુરના

...અનુસંધાન પાના 5 પર

## ઉત્તર ભારત સાથે દમણની હવાઈ કનેક્ટિવિટીને મળશે વેગ

# દમણ-દિલ્હી વચ્ચે સીધી ફ્લાઈટ 16 જુલાઈથી શરૂ થશે

**સોમવાર** અને બુધવારે ATR-42 વિમાનથી સેવા

**20** જુલાઈથી નિયમિત સમયપત્રક અમલમાં આવશે

સુરતઃ કેન્દ્રશાસિત પ્રદેશ દમણને દેશની રાજધાની દિલ્હી સાથે સીધી હવાઈ કનેક્ટિવિટી આપતા મહત્ત્વપૂર્ણ પગલાં તરીકે એલાયન્સ એર દ્વારા 16 જુલાઈ, 2026થી દિલ્હી-દમણ વચ્ચે સીધી ફ્લાઈટ સેવા શરૂ કરવામાં આવી રહી છે. આ નવી સેવા શરૂ

...અનુસંધાન પાના 5 પર


અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦